Divyabhaskar (Citybhaskar)

EDII

August 7, 2020
Pg. No.9

### અમદાવાદમાં 800 હસ્તકળાકારોએ વારસો સાચવી રાખ્યો છે

# કોરોનાને લીધે હસ્તકળાકારોની આવક 10% જેટલી પણ ના રહી

**HANDICRAFT DAY**

સિટી રિપોર્ટર . અમદાવાદ

આજે રાષ્ટ્રીય હસ્તકળા દિવસ છે. ત્યારે સિટી ભાસ્કર શહેરના કેટલાક હસ્તકળાના કારીગરોની વાત લઈને આવ્યું છે જેમણે આત્મનિર્ભર અભિયાનને સાચા અર્થમાં આજીવન સાર્થક કર્યું છે. કોરોનાની વિપરીત સ્થિતિમાં પણ તેઓ આધુનિક ટેક્નોલોજી સાથે દેશને સ્વાવલંબી બનાવવામાં પોતાનું યોગદાન આપી રહ્યાં છે. અત્યારે શહેરમાં 800થી વધુ પરિવારો વિવિધ પ્રકારની હસ્તકળાઓ સાથે જોડાયેલા છે ત્યારે સિટી ભાસ્કરે કેટલાક કારીગરો તેમજ ઈડીઆઈ (ઓન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા)ના પ્રોજેક્ટ એક્સપર્ટ સાથે વાત કરી હતી.





## અમદાવાદમાં 6-8 વર્ષમાં કળાકારોની ઘણી કદર થઇ

અમદાવાદમાં 6-7 વર્ષમાં કળા સાથે સંકળાયેલા લોકોની કદર થઈ છે. ઈકો ફ્રેન્ડલી ગણેશ હોય કે દિવાળીના દીવડા, લોકો હોંશથી ખરીદે છે. અમે NID સાથે જોડાઈ સિરામિક ઉદ્યોગમાં હેન્ડમેડ ટાઈલ્સ તેમજ ટેરાકોટા આઈટમ બનવડાવીએ છીએ. હાલ કોરોનાને કારણે બજારમાં થોડો ડ્રો બેક છે. સ્થાનિક કારીગરોને એક્સપોઝર મળતું નથી. - ફુલચંદ્ર પટેલ,સિરામિક આર્કિટેક્ટ

## ટેક્નોલોજી સાથે ચાલી કપડાંમાં રંગ ભર્યાં છે

પાંચ પેઢીથી અમે હાથ વણાટ સાથે જોડાયેલો છીએ. આઝાદી પછી અમારા વ્યવસાયમાં પણ મોર્ડન કલ્ચર આવ્યું છે. પહેલા અમે સાદી હાથશાળ પર કામ કરતા, હવે વિવિધ ડિઝાઈન સાથે શાલ તેમજ સોફ્ટ ખાદી બનાવવાનું કામ કરીએ છીએ. કોવિડ-19ના સમયમાં 2 લાખ જેટલાં માસ્ક બનાવવાનું કામ કર્યું છે - પુરુષોત્તમ પરમાર, આર્ટિસ્ટ

## કોરોનાને કારણે 10% બિઝનેસ મળી રહ્યો છે

૩૦ વર્ષથી હું અમદાવાદમાં રહું છું. હું અને મારી પત્ની બંને ઈંઢોણી, મંગળ કળશ તેમજ મોતીના વિવિધ નેકલેસ બેંગલ અને ઈયરીંગ જેવી મોતીકામની વસ્તુ બનાવવાનું કામ કરીએ છીએ. હાલ કોરોના સમયમાં ૧૦ ટકા જ બિઝનેસ મળી રહ્યો છે. - પરેશ મકવાણા, જાણીતા મોતીકામ આર્ટિસ્ટ

## કારીગરોને લોન અને ટ્રેનિંગ આપીએ છીએ



પરંપરાગત કામ કરતા લોકોને કુટીર ઉદ્યોગ સ્થાપવાની લોન અપાવીએ છીએ. તેઓને વૈશ્વિક સ્તરે જોડવા આઈડીયા આપીએ છીએ. 800 જેટલા કારીગરોને ઓનલાઈન ટ્રેનિંગ આપીએ છીએ. - શાલિની શેઠ, પ્રોફેસર, ઈડીઆઈ

## કારીગરો પાસે યોગ્ય પ્રોડક્ટ છે પરંતુ બજાર નથી મળી રહ્યું

10 વર્ષથી હેંડીક્રાફ્ટના કારીગરોની સમસ્યાઓ પર પર કામ કરૂં છું. અત્યારે કોરોનાને કારણે માર્કેટ લીંક તૂટી ગઈ છે. કારીગરો પાસે પ્રોડક્ટ છે પણ યોગ્ય બજાર નથી. કારીગરો છેતરાય નહીં અને યોગ્ય ભાવ માટે તેની ટ્રેનિંગ આપીએ છીએ. - કવિતા સક્સેના, ટ્રેનર, ઈડીઆઈ